# બાંગ્લાદેશમાં 40 મુસાફરો ભરેલી બસ નદીમાં ખાબકી, 24થી વધુનાં મોત



બાંગ્લાદેશના રાજબારી જિલ્લામાં દૌલતદિયા ફેરી ટર્મિનલ પાસે એક અત્યંત હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો છે, જેમાં મુસાફરોથી ભરેલી બસ પદમા નદીમાં ખાબકતા ૨૪ થી વધુ લોકોના મોત નિપજ્યા છે. આ દુર્ઘટના બુધવારે સાંજે ત્યારે બની જ્યારે મુસાફરો ઈદની રજાઓ માણીને પોતાના કામકાજ પર પરત ફરી રહ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ખાનગી બસ રાજબારીથી રાજધાની ઢાકા તરફ જઈ રહી હતી. દૌલતદિયા ટર્મિનલ પર જ્યારે બસ ફેરી (મોટી હોડી) પર ચઢવા માટે પૉન્ટૂન પર હતી, ત્યારે અચાનક ડ્રાઈવરે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને આખી બસ પલટી ખાઈને ઉંડી નદીમાં ખાબકી હતી.

# આંધ્રમાં બસમાં લાગેલી આગમાં 14 લોકો જીવતા ભડથું



**બસ** ટ્રકના ફ્યુઅલ ટેન્ક સાથે અથડાતાં જોતજોતાંમાં ભીષણ આગ ફાટી નીકળી


રાયવરમ (આંધ્ર પ્રદેશ), તા. 26 (PTI): રવિવારે અહીં માર્કાપુરમ જિલ્લામાં એક ખાનગી બસ અને ટીપર વચ્ચે થયેલી ટક્કર બાદ ફાટી નીકળેલી આગમાં બસમાં સવાર ઓછામાં ઓછા 14 લોકો જીવતા ભડથું થઈ ગયા હતા અને 22 લોકો ઘાયલ થયા હતા. એમ ઉચ્ચ સરકારી અધિકારીઓએ જણાવ્યું હતું. આ અકસ્માત સવારે 5:30થી 6:00 વાગ્યાની વચ્ચે પોદિલી તરફ જતા રોડ પર રાયવરમ ગામ પાસે સર્જાયો હતો જ્યારે બસ કોંક્રીટની ચિપ્સથી ભરેલા ડમ્પર ટ્રક સાથે અથડાઈ હતી, જે તેના ફ્યુઅલ ટેન્ક સાથે અથડાતાં ભીષણ આગ ફાટી નીકળી હતી. ગૃહમંત્રી વંગાલાપુડી અનિતાએ જણાવ્યું હતું કે, “અકસ્માત સમયે બસમાં 41 લોકો સવાર હતા અને તમામ 13 મૃતકો દાઝી જવાથી મૃત્યુ પામ્યા હતા.” ગૃહમંત્રીના જણાવ્યા અનુસાર, બસ હરિક્રિષ્ના ટ્રાવેલ્સની હતી અને તેના માલિક કાનિગિરીના વતની છે. ગૃહમંત્રીએ જણાવ્યું કે, બસ પાસે ડિસેમ્બર 2026 સુધીનું લાઈસન્સ અને વીમો હતો. ખાનગી બસ તેલંગાણાના જગતિયાલથી નેલ્લોર જિલ્લાના કાલિગીરી જઈ રહી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ આ ઘટના અંગે શોક વ્યક્ત કર્યો હતો.

# અબુ ધાબીમાં મિસાઈલોનો કાટમાળ પડતાં એક ભારતીય સહિત 2નાં મોત

દુબઈ, તા. 26 (પીટીઆઈ): યુએઈની એર ડિફેન્સ સિસ્ટમ દ્વારા રોકવામાં આવેલી મિસાઈલોનો કાટમાળ ગુરુવારે અબુ ધાબીના એક રસ્તા પર પડતાં એક ભારતીય સહિત ઓછામાં ઓછા બે વ્યક્તિઓનાં મોત થયાં હતાં અને અન્ય ત્રણ ઘાયલ થયા હતા, તેમ સ્થાનિક મીડિયાએ અહેવાલ આપ્યો છે. અબુ ધાબી મીડિયા ઓફિસના જણાવ્યા અનુસાર, આ ઘટનામાં માર્યા ગયેલા બીજા વ્યક્તિ પાકિસ્તાની નાગરિક છે, જ્યારે ત્રણ ઘાયલોમાં પણ એક ભારતીયનો સમાવેશ થાય છે. યુનાઈટેડ આરબ અમીરાતના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, યુએઈની એર ડિફેન્સ સિસ્ટમ ઈરાન તરફથી આવતા મિસાઈલ અને ડ્રોન જોખમોનો નિયમિત અંતરે જવાબ આપી રહી છે. અબુ ધાબી મીડિયા ઓફિસે સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું હતું કે, “એર ડિફેન્સ સિસ્ટમ દ્વારા એક બેલેસ્ટિક મિસાઈલને સફળતાપૂર્વક રોક્યા બાદ અબુ ધાબી સત્તાવાળાઓએ સ્વીહાન સ્ટ્રીટમાં પડેલા તેના કાટમાળની ઘટના અંગે કાર્યવાહી કરી છે.” પોસ્ટમાં ઉમેર્યું હતું કે, “આ ઘટનામાં બે વ્યક્તિઓનાં મોત થયાં છે, જેઓ પાકિસ્તાની અને ભારતીય નાગરિક હતા. આ ઉપરાંત, અન્ય ત્રણ વ્યક્તિઓ ગંભીરથી મધ્યમ રીતે ઘાયલ થયા છે, જેઓ સંયુક્ત આરબ અમીરાત, જોર્ડન અને ભારતના નાગરિક છે.” ગલ્ફ ન્યૂઝના અહેવાલ મુજબ, અબુ ધાબીમાં બનેલી આ તાજેતરની ઘટના બાદ કુલ મૃત્યુઆંક વધીને 11 થયો છે.

## પેજ 3

## અક્ષય કુમાર અને શિલ્પા શેટ્ટી સાથે બેસીને મોજ-મસ્તી કરતાં જોવાં મળ્યાં



મુંબઈ, તા. 26: આ દિવસોમાં સોશિયલ મીડિયા પર બોલિવૂડના બે મોટા સ્ટાર્સ અક્ષય કુમાર અને શિલ્પા શેટ્ટીનો એક જૂનો પણ અત્યંત મનોરંજક વીડિયો જોરદાર વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો જોઈને ચાહકો 90ના દાયકાની યાદોમાં ખોવાઈ ગયા છે અને તેના પર જોરદાર પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે. આ વાયરલ વીડિયોમાં અક્ષય કુમાર અને શિલ્પા શેટ્ટી એકસાથે ખૂબ જ હસતાં અને હસાવતાં જોવાં મળી રહ્યાં છે. બંનેની કેમેસ્ટ્રી એટલી નેચરલ અને મજેદાર લાગી રહી છે કે જોનારાઓ પોતાનું હાસ્ય રોકી શકતા નથી. વીડિયોમાં બંને વચ્ચે હળવી મસ્તી અને મજાકની એવી ક્ષણો કેદ થઈ છે, જે પ્રેક્ષકોને સીધા 90ના દાયકાના યુગમાં લઈ જાય છે. આ જ કારણ છે કે આ ક્લિપ સોશિયલ મીડિયા પર ઝડપથી શેર થઈ રહી છે.

## વિવેક અગ્નિહોત્રી ‘ઓપરેશન સિંદૂર’ પર ફિલ્મ બનાવશે




મુંબઈ, તા. 26: બોલીવુડના જાણીતા દિગ્દર્શક વિવેક અગ્નિહોત્રીએ તેમની આગામી ફિલ્મ ‘ઓપરેશન સિંદૂર’ અંગે મોટી જાહેરાત કરી છે. આ ફિલ્મ ભારતની એ સૈન્ય કાર્યવાહી પર આધારિત હશે, જે વર્ષ ૨૦૨૫માં પહેલગામ આતંકી હુમલા બાદ કરવામાં આવી હતી. ‘ઓપરેશન સિંદૂર’ ફિલ્મ પાકિસ્તાનમાં આતંકી મથકો પર ભારતે કરેલા વળતા હુમલાની વાર્તા મોટા પડદા પર રજૂ કરશે. આ અભિયાન ૨૨ એપ્રિલ ૨૦૨૫ના રોજ પહેલગામમાં થયેલા આતંકી હુમલાના જવાબમાં કરવામાં આવ્યું હતું, જેમાં અનેક નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા હતા. અહેવાલો અનુસાર, આ ફિલ્મ ૬ મે થી ૧૦ મે ૨૦૨૫ વચ્ચે બનેલી ઘટનાઓને વિગતવાર દર્શાવશે અને તેમાં ભારતીય સેનાની વ્યૂહરચના, સાહસ અને સમગ્ર અભિયાનની ગાથા બતાવવામાં આવશે.



ચીનના બેઈજિંગમાં યોજાયેલા ‘2026 ઝોંગગુઆનકુન ફોરમ’ દરમિયાન Linkerbot કંપની દ્વારા નિર્મિત એક માનવ જેવો દેખાતો (Humanoid) રોબોટ પિયાનો પાસે બેસીને પોતાનું કૌશલ્ય પ્રદર્શિત કરી રહ્યો છે. આધુનિક વેશભૂષામાં સજ્જ આ રોબોટ ભવિષ્યની ટેક્નોલોજી અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની ક્ષમતાઓની ઝલક આપે છે.

# 1 એપ્રિલથી 767 આવશ્યક દવાઓના ભાવમાં વધારો

**એનપીપીએએ** પેઇનકિલર્સ અને એન્ટિબાયોટિક્સ પર ભાવવધારાને મંજૂરી આપી

નવી દિલ્હી, તા. 26છ સામાન્ય લોકો પર મોંઘવારીનો વધુ એક ફટકો પડશે. 1 એપ્રિલથી 767 આવશ્યક દવાઓ મોંઘી થશે. નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (એનપીપીએ)એ બુધવારે જણાવ્યું હતું કે, ઉત્પાદકોને જથ્થાબંધ ભાવ સૂચકાંક (ડબ્લ્યુપીઆઈ)ના આધારે દવાઓના ભાવમાં 0.64 ટકા સુધીનો વધારો કરવાની મંજૂરી આપી છે. એનપીપીએ ઈન્ડિયાનું કહેવું છે કે, શેડ્યૂલ કરેલી દવાઓના મહત્તમ છૂટક ભાવ (એમઆરપી)માં 0.64 ટકા સુધીનો વધારો કરી શકાય છે.

25 માર્ચે જારી કરાયેલા ઓફિસ મેમોરેન્ડમમાં કહેવામાં આવ્યું છે કે, ‘‘વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના ઉદ્યોગ અને આંતરિક વેપાર વિભાગના આર્થિક સલાહકારના કાર્યાલય દ્વારા પૂરા પાડવામાં આવેલા ડબ્લ્યુપીઆઈ ડેટાના આધારે 2024ના સમાન સમયગાળાની તુલનામાં કેલેન્ડર વર્ષ 2025 દરમિયાન ડબ્લ્યુપીઆઈમાં વાર્ષિક ફેરફાર (+)0.64956 ટકા છે.’’

મેમોરેન્ડમ મુજબ, ઉત્પાદકો ડબ્લ્યુપીઆઈના આધારે એમઆરપી વધારી શકે છે, જે માટે સરકારની પૂર્વ મંજૂરીની જરૂર નથી હોતી. ડ્રગ્સ (કિંમત નિયંત્રણ) ઓર્ડર, 2013 (ડીપીસીઓ, 2013)ના ફકરા 16 (2) ની જોગવાઈઓ અનુસાર, ઉત્પાદકો સરકારની પૂર્વ મંજૂરીની જરૂર વગર આ ડબ્લ્યુપીઆઈના આધારે સુનિશ્ચિત ફોર્મ્યુલેશનની મહત્તમ એમઆરપીમાં વધારો કરી શકે છે. અને એ માટે સરકારની પૂર્વ મંજૂરીની જરૂર નથી.

# મોદી આજે તમામ મુખ્યમંત્રીઓ સાથે ઈમરજન્સી બેઠક યોજશે

**યુદ્ધના** જોખમ સામે ‘ટીમ ઈન્ડિયા’ થશે સજ્જ; પશ્ચિમ એશિયાના સંઘર્ષની અસરો પર થશે મોટી ચર્ચા

નવી દિલ્હી, તા. 26 (PTI) સૂત્રોના જણાવ્યા અનુસાર, વડા પ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ (ચૂંટણીવાળા રાજ્યોને બાદ કરતાં) સાથે વાતચીત કરશે અને પશ્ચિમ એશિયાના સંઘર્ષના પગલે તેમની સજ્જતા અને યોજનાઓની સમીક્ષા કરશે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, આ પહેલનો ઉદ્દેશ્ય ‘ટીમ ઈન્ડિયા’ની ભાવના સાથે પ્રયત્નોમાં તાલમેલ સુનિશ્ચિત કરવાનો છે.

આ પ્રથમ વખત છે જ્યારે વડા પ્રધાન પશ્ચિમ એશિયાના સંઘર્ષ પર મુખ્યમંત્રીઓ સાથે બેઠક કરશે, જે 28 ફેબ્રુઆરીએ ઈરાન પર અમેરિકા-ઈઝરાયેલના હુમલા સાથે શરૂ થયો હતો. આ પર્શિયન રાષ્ટ્ર (ઈરાન)એ પણ તેના અખાતી પડોશી દેશો અને ઈઝરાયેલ પર ગોળીબાર કરીને વળતો પ્રહાર કર્યો છે.

સૂત્રોએ કહ્યું હતું કે, “વડા પ્રધાન આવતી કાલે સાંજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પશ્ચિમ એશિયાના સંઘર્ષ પર મુખ્યમંત્રીઓ સાથે વાતચીત કરશે, જેથી રાજ્યોની સજ્જતા અને યોજનાઓની સમીક્ષા કરી શકાય. આ બેઠકનો ઉદ્દેશ્ય ટીમ ઈન્ડિયાની ભાવના સાથે પ્રયાસોમાં તાલમેલ સુનિશ્ચિત કરવાનો હશે.”

ચૂંટણીવાળા રાજ્યોના મુખ્યમંત્રીઓ આદર્શ આચારસંહિતા (એમસીસી)ના કારણે આ બેઠકનો ભાગ રહેશે નહીં.

# વડાપ્રધાન, ચૂંટણી પંચ વિરુદ્ધ બદનક્ષીકારક AI વીડિયો બદલ ટ્વીટર સામે ગુનો દાખલ

**કેરળ** ભાજપનો સિક્કો ધરાવતા ચૂંટણી પંચના એક પત્રથી સર્જાયેલા વિવાદ સંદર્ભમાં આ વીડિયો હતો

**સત્તાવાળાઓ** તરફથી આ વીડીયો ડીલીટ કરી નાખવાની સૂચના છતાં એક્સ(ટ્વીટર) દ્વારા આ વીડિયો ખસેડવામાં આવ્યો ન હતો

તિરુવનંતપુરમ, તા. 26(PTI): કેરળ પોલીસના સાયબર વિંગે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X અને તેના એક હેન્ડલ વિરુદ્ધ વડાપ્રધાન અને ચૂંટણી પંચ (ECI)ને ભ્રામક અને બદનક્ષીભરી રીતે દર્શાવતો AI-જનરેટેડ વીડિયો પ્રસારિત કરવા બદલ કેસ નોંધ્યો છે. આ વીડિયો ચૂંટણી પંચના એક પત્રના સંદર્ભમાં છે જેના પર ભાજપના કેરળ એકમનો સિક્કો લાગેલો હતો - જે મુદ્દો અત્યારે ચૂંટણીના માહોલવાળા રાજ્યમાં રાજકીય વિવાદનું કેન્દ્ર બન્યો છે. પોલીસે જણાવ્યું હતું કે જે X હેન્ડલ પરથી આ વીડિયો પોસ્ટ કરવામાં આવ્યો હતો, ત્યાંથી તેને હજુ સુધી હટાવવામાં આવ્યો નથી.

પોલીસે એક નિવેદનમાં વધુમાં જણાવ્યું હતું કે, આ કથિત બદનક્ષીભરી સામગ્રી ચૂંટણી પંચ (ECI) સહિતના સત્તાવાર માધ્યમો દ્વારા તેમના ધ્યાન પર લાવવામાં આવી હતી. તપાસમાં એવું જણાયું હતું કે આ સામગ્રી જનતાને ગેરમાર્ગે દોરવાની, બંધારણીય સંસ્થાઓની વિશ્વસનીયતાને નુકસાન પહોંચાડવાની અને મુક્ત અને ન્યાયી ચૂંટણી પ્રક્રિયા પર વિપરીત અસર કરવાની ક્ષમતા ધરાવે છે. તિરુવનંતપુરમ સિટીના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં બુધવારે મોડી રાત્રે X (Twitter) એકાઉન્ટ લક્ષ્મી એન રાજુ (@valiant^Raju) અને X કોર્પ સહિત અન્ય લોકો વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે અને આ મામલે જવાબદારી નક્કી કરવા તથા કાયદેસરની કાર્યવાહી કરવા માટે તપાસ શરૂ કરવામાં આવી છે.

# નાસિકના ઢોંગી બાબા અશોક ખરાત પાસે ૧૫૦૦ કરોડની મિલકતો

**આઠ** એફઆઇઆર નોંધાઇ

**ખરાત** સંચાલિત એક મંદિર માટે મહારાષ્ટ્ર સરકારે વર્ષ ૨૦૧૮માં રૂ. ૧.૦૫ કરોડનું ભંડોળ મંજૂર કર્યું હતું

નાસિક, તા. ૨૬: મહારાષ્ટ્રના નાસિકમાં કથિત ‘ઢોંગી બાબા’ અશોક ખરાત વિરુદ્ધ પોલીસે મોટી કાર્યવાહી કરતા નરબલિ અને અંધશ્રદ્ધા સાથે જોડાયેલા ગંભીર આરોપોમાં ગુનો નોંધ્યો છે. નાસિક પોલીસે ખરાત વિરુદ્ધ અત્યાર સુધીમાં કુલ 8 FIR નોંધી છે, જેનાથી આ મામલાની ગંભીરતા વધુ વધી ગઈ છે. પોલીસે આરોપીની લાયસન્સવાળી રિવોલ્વર પણ જપ્ત કરી લીધી છે અને તેનું લાયસન્સ રદ કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, તાજેતરની FIR એ વ્યક્તિની ફરિયાદ પર નોંધવામાં આવી છે, જેના વિરુદ્ધ અગાઉ અશોક ખરાતે પોતે કેસ નોંધાવ્યો હતો. હવે તે જ વ્યક્તિએ ખરાત પર સંગીન આરોપો લગાવતા ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં દાવો કરવામાં આવ્યો છે કે 2018 થી 2025 વચ્ચે આરોપીએ જાનથી મારી નાખવાની ધમકી આપીને ફરિયાદકર્તા સાથે મોટી આર્થિક છેતરપિંડી કરી હતી. તપાસમાં અનેક ચોંકાવનારા ખુલાસા થયા છે. SIT ને અશોક ખરાત સાથે જોડાયેલા લગભગ 100 વાંધાજનક વીડિયો મળ્યા છે. આ સિવાય, તેમની પાસે અંદાજે 1500 કરોડ રૂપિયાની સંપત્તિ હોવાની વાત પણ સામે આવી છે.

વ્હાઇટ હાઉસમાં ભવિષ્યની ઝલક

# મેલાનિયા ટ્રમ્પનો પરિચય રોબોટે કરાવ્યો

**યુવાનો** અને ટેક્નોલોજી વિશે ચર્ચાના કાર્યક્રમમાં અનોખો પ્રયોગ



વૉશિંગ્ટન, તા. ૨૬: અમેરિકાના પ્રથમ મહિલા મેલાનિયા ટ્રમ્પે બુધવારે વ્હાઈટ હાઉસમાં એક ભવિષ્યવાદી પહેલની શરૂઆત કરી હતી. વ્હાઈટ હાઉસના કેટલાક મહેમાનોને તેમનો પરિચય એક રોબોટ દ્વારા કરાવવામાં આવ્યો હતો.

પ્રથમ સન્નારીએ યુવાનો અને ટેકનોલોજી વિશે ચર્ચા કરવા માટે વ્હાઈટ હાઉસના ‘ઈસ્ટ રૂમ’માં અન્ય દેશોની પ્રથમ મહિલાઓ અને એક ‘ફર્સ્ટ જેન્ટલમેન’ને એકત્ર કર્યા હતા. આ કાર્યક્રમ તેમના વ્યાપક અભિયાન ‘ફોસ્ટરિંગ ધ ફ્યુચર ટુગેધર’નો એક ભાગ હતો. અન્ય મહેમાનોના આગમન પછી, મેલાનિયાના ભવ્ય પ્રવેશનો સમય થયો હતો. જ્હોન વિલિયમ્સના ઉત્સાહવર્ધક સંગીત ‘ફ્લાઈટ ટુ નેવરલેન્ડ’ સાથે, પ્રથમ મહિલાએ સફેદ અને કાળા રંગના રોબોટ સાથે ઈસ્ટ રૂમમાં પ્રવેશ કર્યો. ત્યારબાદ રોબોટે સ્ત્રી જેવો અવાજ ધરાવતી વાણીમાં પ્રથમ મહિલાનો પરિચય આપ્યો હતો. રોબોટે એમ પણ કહ્યું હતું કે ‘મને વ્હાઈટ હાઉસમાં આમંત્રિત કરવા બદલ આભાર, ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પ. ફોસ્ટરિંગ ધ ફ્યુચર ટુગેધર” ગ્લોબલ કોએલિશનની પ્રથમ બેઠકમાં હાજર રહેવું એ મારા માટે સન્માનની વાત છે.’

# કાશ્મીરમાં આતંકવાદી ભરતી મોડ્યુલનો પર્દાફાશ

**લશ્કર-એ-તૈયબાનું** આંતરરાષ્ટ્રીય નેટવર્ક ઝડપાયું!

શ્રીનગર, તા. 26 (PTI): જમ્મુ અને કાશ્મીર પોલીસની કાઉન્ટર ઈન્ટેલિજન્સ પાંખે ગુરુવારે યુએપીએ કેસના સંબંધમાં ખીણનાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા અને પ્રતિબંધિત લશ્કર-એ-તૈયબા (એલઈટી) સંગઠન દ્વારા સંચાલિત આંતરરાષ્ટ્રીય આતંકવાદી ભરતી મોડ્યુલનો પર્દાફાશ કર્યો હતો. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

કાઉન્ટર ઈન્ટેલિજન્સ કાશ્મીર (સીઆઈકે)એ શ્રીનગર, ગાંદરબલ અને શોપિયાં એમ ત્રણ જિલ્લાઓમાં વ્યાપક સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું, જેના પરિણામે સરહદ પારના હેન્ડલર્સ સાથે અને બાંગ્લાદેશ સ્થિત નેટવર્કની મિલીભગતથી ચાલતા આ મોડ્યુલનો પર્દાફાશ થયો હતો.

અધિકારીઓએ જણાવ્યું કે, શ્રીનગરની એનઆઈએ એક્ટ હેઠળ નિયુક્ત વિશેષ જજની કોર્ટ દ્વારા જારી કરાયેલા સર્ચ વોરંટના અનુસંધાને કાશ્મીર ખીણમાં 10 સ્થળોએ સર્ચ કરવામાં આવ્યું હતું. આ સર્ચ સીઆઈકે પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગેરકાયદે પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (યુએપીએ) ની વિવિધ કલમો હેઠળના કેસ એફઆઈઆર નં. 01/2026 ના સંબંધમાં કરવામાં આવ્યું હતું.

તપાસ દરમિયાન એવું બહાર આવ્યું છે કે, આ મોડ્યુલ લશ્કર-એ-તૈયબાના આતંકવાદી શબ્બીર અહમદ લોન દ્વારા ચલાવવામાં આવી રહ્યું છે.

લોન મૂળ મધ્ય કાશ્મીરના ગાંદરબલ જિલ્લાના કંગન વિસ્તારનો વતની છે અને તે રાજુ અને ઝફર સિદીકી સહિત અનેક ઉપનામો હેઠળ કાર્ય કરે છે.

# ‘ધ વર્લ્ડ સુરત’ ખાતે નવ અવસર-ચૈત્ર નવરાત્રીની ધામધૂમથી ઉજવણી

**તાજેતરમાં** કોમર્શિયલ અને કન્વેન્શન હોસ્પિટાલિટી ક્ષેત્રમાં એવોર્ડ મેળવનાર હિંદવા ગ્રુપ દ્વારા આયોજીત આ કાર્યક્રમમાં ગીતા રબારીએ ગરબાની ધૂમ મચાવી




સુરતમાં આવેલ “ધ વર્લ્ડ સુરત” હોટેલ તાજેતરમાં ખૂબ ચર્ચામાં રહી છે. આ હોટેલ હિંદવા ગ્રુપ દ્વારા વિકસાવવામાં આવી છે અને તેનું સંચાલન પ્રતિષ્ઠિત રોયલ ઓર્કિડ હોટલ્સ લિમિટેડ દ્વારા થઈ રહ્યું છે. કોમર્શિયલ અને કન્વેન્શન હોસ્પિટાલિટી ક્ષેત્રમાં ઉત્તમ યોગદાન બદલ તેઓને “ધ ઈકોનોમિક ટાઈમ્સ એવોર્ડ 2026” થી સન્માનિત કરવામાં આવ્યા છે. અહીં ચૈત્ર નવરાત્રી 2026 નો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.

આ ઉજવણી પરંપરાગત રીતે શાંતિપૂર્ણ વાતાવરણમાં થઈ, પરંતુ સાથે સાથે તેમાં આધુનિક અને આકર્ષક અંદાજ પણ જોવા મળ્યો. સુરત શહેરના લોકો માટે આ એક યાદગાર અનુભવ બન્યો હતો, જ્યાં ભક્તિ અને આનંદ બંનેનો સુંદર સમન્વય જોવા મળ્યો. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ લોકપ્રિય લોકગાયિકા ગીતા રબારી હતી, જેમને “કચ્છી કોયલ” તરીકે ઓળખવામાં આવે છે. તેમના મધુર અવાજમાં ગવાયેલા ગરબાએ લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. ગીતા રબારીની પ્રતિભા ઘણા વર્ષો પહેલા જ ઓળખાઈ ગઈ હતી, જ્યારે 2001ના ભૂકંપ પછી ગુજરાતમાં આયોજિત કાર્યક્રમોમાં તે સમયના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ તેમની કળાને પારખી હતી. આ ચૈત્ર નવરાત્રી કાર્યક્રમમાં યુવાઓ, પરિવારો અને વયસ્ક લોકો સૌએ આનંદપૂર્વક ભાગ લીધો. સ્થળની સુંદર વ્યવસ્થા અને સુવિધાઓને કારણે સૌને એક અનોખો અને યાદગાર અનુભવ મળ્યો. આ પ્રકારના કાર્યક્રમો માત્ર તહેવારની ઉજવણી પૂરતા સીમિત નથી, પરંતુ સમાજ અને આર્થિક વિકાસ માટે પણ મહત્વપૂર્ણ સાબિત થાય છે. ચૈત્ર નવરાત્રી એક તહેવાર જ નહીં, પરંતુ આપણા સાંસ્કૃતિક વારસાને આગળ વધારતી એક મહત્વપૂર્ણ પરંપરા છે, જે સમાજને જોડે છે અને પ્રેરણા આપે છે.

### અવસર ગ્રુપના સ્થાપક કેયુરભાઈ ખેની છેલ્લા 12 વર્ષથી આવા ભવ્ય કાર્યક્રમ યોજતા રહે છે

અવસર ગ્રુપના સ્થાપક કેયુરભાઈ ખેની આ પ્રકારના ભવ્ય કાર્યક્રમો માટે ખૂબ જ સક્રિય રહે છે. તેઓ છેલ્લા 12 વર્ષથી આવા આયોજન સફળતાપૂર્વક કરતા આવ્યા છે. તેમના પ્રયત્નોથી સમાજમાં ધાર્મિક તહેવારો શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે ઉજવાઈ રહ્યા છે અને આવનારી પેઢીને પણ આ પરંપરાઓ વિશે સારી ઓળખ મળે છે. હિંદવા ગ્રુપ રિયલ એસ્ટેટ, હોસ્પિટાલિટી, શિક્ષણ અને IT જેવા ક્ષેત્રોમાં મજબૂત સ્થાન ધરાવે છે. તેઓ આવા સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા લોકોને અનોખો અનુભવ આપતા આવ્યા છે અને સાથે તેમના પારિવારીક મૂલ્યો અને વ્યવસાયમાં પણ સંસ્કૃતિ અને પરંપરાને ખૂબ જ મહત્વ આપતા આવ્યા છે.

### કાર્યક્રમમાં અન્ય રાજ્યોના મુલાકાતીઓ પણ સુરતી સ્ટાઈલમાં ગરબા-દોઢીયા શીખ્યા

આ કાર્યક્રમની ખાસ વાત એ હતી કે તેમાં માત્ર સુરતના લોકો જ નહીં, પરંતુ અન્ય શહેરો અને રાજ્યોમાંથી આવેલા લોકો પણ ઉત્સાહથી જોડાયા હતા. તેઓએ સુરતી અંદાજમાં ગરબા અને દોઢિયા શીખ્યા અને સ્થાનિક પરંપરા, તહેવારો અને બદલાતું પર્યટન ખૂબ આનંદથી માણ્યું. કાર્યક્રમમાં હાજર કલાકારો દ્વારા બનાવવામાં આવેલી સુંદર કલાત્મક કૃતિઓએ સમગ્ર વાતાવરણને વધુ આકર્ષક અને દિવ્ય બનાવ્યું હતું. આવા મહોત્સવથી માત્ર સાંસ્કૃતિક મહત્વ જ નહીં, પરંતુ હોસ્પિટાલિટી, પર્યટન, ટ્રાન્સપોર્ટ અને ઈવેન્ટ મેનેજમેન્ટ જેવા ક્ષેત્રોમાં પણ રોજગારીની નવી તકો ઉભી થાય છે.

**વેચાણ અંગેની જાહેર નોટીસ**

સુરત ડી. સબ ડી. ઓલપાડના મોજે : બરબોધનના રે. સર્વે નં. : ૧૮૯/૨બ, બ્લોક નં. : ૪૦૭ જેનો ખાતા નં: ૨૮૦ વાળી જુની શરતની ખેતીની જમીન જેનું ક્ષેત્રફળ હે. ૦-૭૯-૯૩ આરે ચો.મી. તથા રે. સર્વે નં. : ૨૦૦, બ્લોક નં. : ૪૩૦ જેનો ખાતા નં: ૫૯૪ વાળી જુની શરતની ખેતીની જમીન જેનું ક્ષેત્રફળ હે. ૨-૯૮-૪૬ આરે ચો.મી. તથા રે. સર્વે નં. : ૨૦૩/૧, બ્લોક નં. : ૪૩૬ જેનો ખાતા નં: ૨૮૦ વાળી જુની શરતની ખેતીની જમીન જેનું ક્ષેત્રફળ હે. ૦-૮૦-૪૪ આરે ચો.મી. મળી કુલ ૪૫૮૮૪.૦૦ ચો.મી. છે, તે જમીનોના માલિકો યાસ્મીન તે યુસુફ દાઉદ કાળાની છોકરી, અબ્દુલ સમદ યુસુફ દાઉદ કાળા તથા સલીમ યુસુફ દાઉદ કાળાની ચાલી આવેલા છે તે પૈકી સલીમ યુસુફ દાઉદ કાળાના વણ-વહેચાયેલ હિસ્સાની જમીનો જેનું કુલ ક્ષેત્રફળ ૧૮૩૫૩.૦૦ ચો.મી. છે. તે જમીનો તેઓની માલિકીની અને પ્રત્યક્ષ કબજા ભોગવટાનું હોવાનું જણાવી, સદર વણ-વહેંચાયેલ હિસ્સાવાળી જમીનો હમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. માટે, સદર જમીનોના વેચાણ બાબતે કોઈપણ વ્યકિત કે સંસ્થાનો વાંધો, હકક, હિસ્સો, લાગ ભાગ, તર-તકરાર, હિત સંબંધ કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈપણ રીતે હકક હિસ્સો હોય અથવા તો કોઈ બેંક, સંસ્થા કે સહકારી મંડળીનું લેણું હોય તો નીચેના સરનામે રૂબરૂ આવી દિન-૭ માં પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસૂર થશે તો આ નોટીસની મુદ્દત વિત્યે કોઈ પણ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ જાતનો હકક હિસ્સો કે લેણું નથી અને હોય તો જતો કરેલો છે. એમ માની સદર જમીન અંગેના કાયદેસરના લખાણો તથા વેચાણ દસ્તાવેજ હમારા અસીલ કરાવી લેશે અને ત્યારપછી કોઈપણ જાતની તર તકરાર ચાલશે નહિ અને તેવી વ્યકિતઓને કે સંસ્થાને કોઈપણ જાતના હકક પ્રાપ્ત થશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી. તા. ૨૭/૦૩/૨૦૨૬

ઠે. :- ૧૧૩-ડી વિશાલ નગર, વિજયડેરીની પાછળ, અડાજણ, સુરત. મો. નં. : ૯૮૨૫૯૮૨૮૩૦

-:: મારી મારફત ::-
કલ્પેશ ડી. પટેલ
(એડવોકેટ)

**મોજે આંધી નાં બ્લોક નં. ૧૧૧/પૈકી ૧ વાળી જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ**

સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબ ડીસ્ટ્રીકટનાં મોજે આંધી નાં ખાતા નં. ૩૦૫ જેનો બ્લોક નં. ૧૧૧/ પૈકી ૧ વાળી જમીન જેનું ક્ષેત્રફળ ૧ હેકટર ૧૪ આરે ૩૩ ચો.મી. જમીન જેનો આકાર રૂા.૧૫.૪૧ પૈસાવાળી જુની શરત ખેતીની જમીનનાં માલિકો (૧) બળવંતભાઈ શાંતુભાઈ, (૨) હસમુખભાઈ શાંતુભાઈ, (૩) દિપકભાઈ ઉત્તમભાઈ, (૪) રમણબેન શાંતુભાઈ પટેલ નાંઓએ મજકુર જમીન પોતાની સયુંક્ત માલિકી, કબજા, ભોગવટા, વહીવટી હેઠળની, બોજામુક્ત અને માર્કેટેબલ હોવાનું જણાવી મજકુર જમીન હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી મજકુર જમીન બાબતે કોઈ વ્યકિત, બેન્ક યા સંસ્થાનાં લાગભાગ, હક્ક, હિત, કબજો, દર-દાવો, લીયન, ચાર્જ, લેણાં યા બોજા હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં આધારભુત પુરાવા સહિત હમોને નીચે જણાવેલ સરનામે લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર યા ચુક થશે તો મજકુર જમીનમાં કોઈનાં હક્ક, હિત, સંબંધ યા અધિકાર નથી, હોય તો તે હમારા અસીલની તરફેણમાં જતા યાને વેવ કર્યા છે તેમ માની હમારા અસીલ મુદત વિત્યેથી વેચાણ અવેજની રકમ ચુકવી વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને તે અંગે કોઈની તર-તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી. (તા. ૨૭/૦૩/૨૦૨૬)

(અમારા અસીલ ની સુચના અને ફરમાઈશ અન્વયે)
મો.નં.૯૮૨૫૪ ૪૯૦૦૪, ૯૫૫૮૨ ૯૮૧૪૭
ઓફિસ : ૧૦૩, સાંઈકૃપા કોમ્પલેક્ષ, તાડવાડી, રાંદેર રોડ, સુરત

મનીષ બી. પટેલ
એડવોકેટ એન્ડ નોટરી
હિમાંશુ બી. પટેલ
તે ખરીદનારનાં એડવોકેટસ